૮

અનુસૂચિત જાતિ માટેની પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજનાની જિલ્લા અનુસરણ સમિતિની પુન: રચના કરવા બાબત.

# ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ અજાક-૧૦૨૦૧૯-૧૩૪૮૦૯-૪૦૭૦-ક

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૧/૦૬/૨૦૨૧

**<u>વંચાણે લીધાઃ-</u>**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૮/૧૯નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) નિયામકશ્રી(અજાક)નો તા.૧૯/૦૨/૨૧નો પત્ર ક્રમાંક: અજાક-મ-૧-૨૦૨૧-૧૦૫૯

**<u>આમુખ :</u>**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના વિભાગના તા.૦૬/૦૮/૧૯ના ઠરાવથી પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજનાના બીજા તબક્કામાં ગુજરાતના ૧૧ જિલ્લાના પસંદગી થયેલ ૨૫ ગામો આદર્શ ગ્રામ બની શકે તેવા હેતુથી ગેપફિલીંગની વિવિધ પ્રવૃત્તિઓનું માર્ગદર્શન, દેખરેખ અને અમલીકરણ માટે આ યોજના અંતર્ગત (૧) રાજ્ય સલાહકાર સમિતિ (૨) રાજ્યની સંચાલન સહ દેખરેખ સમિતિ (૩) રાજ્ય કક્ષાની પીએમએજીવાય અનુસરણ સમિતિ (૪) જીલ્લા કક્ષાની પીએમએજીવાય અનુસરણ સમિતિ (૫) ગ્રામ્ય કક્ષાની પીએમએજીવાય સમિતિ એમ કુલ ૦૫ સમિતિઓની રચના કરવાનું ઠરાવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના નિયામકશ્રી(અજાક)ના તા.૧૯/૦૨/૨૧ના પત્રથી સદરહુ યોજના હસ્તકની જિલ્લા અનુસરણ સમિતિના અધ્યક્ષ તરીકે જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સ્થાને જિલ્લા કલેક્ટરશ્રીની નિમણૂક કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:-</u>**

**પુખ્ત વિચારણાને અંતે વિભાગના તા.૦૬/૦૮/૧૯ના સરખા ક્રમાંકના ઠરાવથી પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના હસ્તક રચવામાં આવેલ જિલ્લા અનુસરણ સમિતિના અધ્યક્ષ તરીકે જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સ્થાને જિલ્લા કલેક્ટરશ્રીની નિમણૂક કરવાનું આથી ઠરાવવામાં આવે છે.**

**વિભાગના તા.૦૬/૦૮/૧૯ના સરખા ક્રમાંકના ઠરાવની અન્ય વિગતો યથાવત રહેશે.**

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડો. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

- નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**<u>નકલ રવાના:-</u>**

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીના અંગત મદદનીશશ્રી,
(શિક્ષણ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, સિંચાઈ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, મહેસૂલ વિભાગ)
- કલેકટરશ્રી, (આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભાવનગર, ગીર-સોમનાથ, જામનગર, જૂનાગઢ, કચ્છ, પોરબંદર, સાબરકાંઠા, સુરત)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, (આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભાવનગર, ગીર-સોમનાથ, જામનગર, જૂનાગઢ, કચ્છ, પોરબંદર, સાબરકાંઠા, સુરત)
- જનરલ મેનેજરશ્રી, લોકલ હેડ ઓફીસ SBI, સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા બિલ્ડીંગ, લાલ દરવાજા, અમદાવાદ.
- જનરલ મેનેજરશ્રી, બેંક ઓફ બરોડા, લોકલ હેડ ઓફીસ, અલકાપુરી, વડોદરા.

- SIO, NIC બ્લોક નં-૧૩, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ-૨૦૨૧